## મહાસપ્તાહ - તાડપત્રનો રવિવાર

**૧લો શાસ્ત્રપાઠ :**

**પયગંબર યશાયાના ગ્રંથમાંથી પાઠ : [ 50 : 4 – 7 ]**

અપમાન કરનારથી મેં મારું મોં સંતાડ્યું નથી.

સર્વસત્તાધીશ પ્રભુએ મને શું કહેવું એ શીખવીને મોકલ્યો છે, જેથી હું થાકેલાઓને ઉત્સાહનાં વેણ કહી શકું. પ્રભાતે પ્રભાતે તે મારા કાનને સરવા કરે છે, જેથી હું શિષ્યની પેઠે સાંભળી શકું. સર્વસત્તાધીશ પ્રભુએ મારા કાનને સાંભળવાને તત્પર કર્યા છે; મેં નથી આજ્ઞાભંગ કર્યો કે નથી પાછાં પગલા ભર્યાં. મારનારને મેં પીઠ ધરી છે, અને મારી દાઢી ટૂંપી નાખનારને મેં ગાલ ધર્યા છે. અપમાન કરનાર અને થૂંકનારથી મેં મારું મોં સંતાડ્યું નથી. સર્વસત્તાધીશ પ્રભુ મારી સહાયમાં ઊભો છે, એટલે કોઈ અપમાન મને અડતું નથી. મેં મારું મોં વજ્ર જેવું દ્રઢ કર્યું છે; મને ખાતરી છે કે મારી લાજ નહિ જાય.

આ પ્રભુની વાણી છે.

[સ્તોત્રઃ91 “હે મુજ ઈશ્વર, હે મુજ ઈશ્વર, શીદ તરછોડી દીધો ?” ]

મહાસપ્તાહ - તાડપત્રનો રવિવાર

**બીજો શાસ્ત્રપાઠ :** ફિલિપ્પીના ધર્મસંઘ પરના સંત પાઉલના પત્રમાંથી પાઠ : [ 2 : 6 – 11 ]

## તેમણે પોતાને શૂન્યવત્ બનાવ્યા- ઈશ્વરે એમનું બહુમાન કર્યું.

પોતે ઈશ્વરસ્વરૂપ હોવા છતાં ઈસુખ્રિસ્ત ઈશ્વર સાથેની સમાનતાને વળગી રહ્યા નહિ, બલકે, તેમણે પોતાને શૂન્યવત્ બનાવ્યા, અને દાસનું સ્વરૂપ ધારણ કરીને તેઓ માણસ જેવા માણસ બની ગયા. માનવરૂપે પ્રગટ થઈને તેમણે પોતાની જાતને નમાવી દીધી, અને પોતે એવા તો આજ્ઞાધીન બની ગયા કે મૃત્યુને- વધસ્તંભ ઉપરના મૃત્યુને સુધ્ધાં- તેમણે વધાવી લીધું. આથી પરમેશ્વરે તેમને સર્વોચ્ચ સ્થાને સ્થાપ્યા છે, અને તેમને સૌ નામોમાં શ્રેષ્ઠ એવું એકમાત્ર નામ આપ્યું છે, જેથી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળલોકનાં સૌ કોઈ ઈસુનું નામ સાંભળીને દંડવત કરે, અને પ્રત્યેક જિહ્વા પિતા પરમેશ્વરના મહિમાને અર્થે પોકારે કે ઈસુ એ પ્રભુ છે.

આ પ્રભુની વાણી છે.